

કચ્છમિત્ર
ભુજ : તા. ૧૨-૧૨-૨૦૧૨, બુધવાર

પરાગ
અર્ધ સાપ્તાહિક પૂર્તિ

એશિયન સિંહનો અંતિમ આવાસ

સાસણ ગીર

પ્રવાસન

વસંત અજાણી

જૂનાગઢ જિલ્લાનું નામ પડતાંની સાથે જ આપણા માનસપટ પર ભગવાન આશુતોષ જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરાજમાન સોમનાથ મહાદેવ, કૃષ્ણભક્ત નરસિંહ મહેતા, સતાધાર, તુલસીશ્યામ, પ્રાચી, ગરવો ગિરનાર સહિતના આધ્યાત્મિક સ્થાનો અંકિત થાય છે. ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર મેગાસ્ટાર અમિતાભ બચ્ચને સોમનાથ મહાદેવની દર્શનની સંગાથે સાસણ ગીરમાં વિચરણ કરતા એશિયન વન્ય પ્રાણી 'સિંહદર્શન'નું પણ આહ્‌વાન કર્યું છે. જૂનાગઢ જિલ્લામાં દાખલ થતાં જ ગીર શબ્દ અને સિંહ મુખારવિંદ અંકિત દ્રશ્યો જોવાં મળશે. ભુજથી જૂનાગઢ ત્રણસો કિલોમીટરના અંતરે, જૂનાગઢથી વાયા મેંદરડા થઈને ૬૦ કિલોમીટરના અંતરે સાસણ ગીર પહોંચાય છે.

આમ ૧૮૮૬.૬ ચોરસ કિલોમીટરના કુલ વિસ્તારથી ગીરનું જંગલ બનેલું છે. આમાંનો ૧૫૦૨.૭ ચોરસ કિલોમીટર વિસ્તાર જૂનાગઢ જિલ્લામાં તથા ૩૭૯.૯ ચોરસ કિલોમીટર અમરેલી જિલ્લામાં આવેલો છે. પોતાની સમૃદ્ધ અને વિવિધ વનસ્પતિ તેમજ પ્રાણીસૃષ્ટિને લઈને ગીર બહુ મહત્ત્વપૂર્ણ રીતે, પ્રચંડ રીતે નવજીવન પામતી રહેતી, સ્વનિર્ભર તથા ટકી રહેનારી સ્વાવલંબી, અત્યંત સ્થાયી પર્યાવરણ પ્રણાલી બની રહ્યું છે.

ગીર ભૂપ્રદેશ મુખ્યત્વે મધ્યડુંગરા, ખીણો તથા ઉચ્ચ પ્રદેશ પરના મેદાનો ધરાવતો તેમજ ડુંગરોની હારમાળાની કોઈ નિશ્ચિત દિશા વિનાનો ઊંચો-નીચો દેખાય છે. ડુંગરાઓ જ્વાળામુખીઓમાંથી બનેલા છે. રેતિયા પથ્થર ઉપરાંત ત્યાં ચુનાના પથ્થર તથા જુદા જુદા સ્તરોમાંથી રૂપાંતરિત થયેલા ખડકો પણ મોજૂદ છે. જ્વાળામુખીમાંથી ઉત્પન્ન થયેલા ખડકોને કારણે ચીકણી કાળી માટી તથા રેતિયા પથ્થર અને ચુનાના પથ્થરોને કારણે રતાશ પડતી ભૂખરી જમીન બની છે. જમીનની રચનામાં નદીકાંઠે જાડી અને કાંકરીવાળી રેતીથી લઈને ઊંડી ખીણમાં માટીથી લઈને પથરાળ માટી સુધીનું વૈવિધ્ય છે. ગીરમાં સરેરાશ વરસાદ અનુક્રમે ૧૦૦૦ મિ.મી. તથા ૬૦૦ મિ.મી. છે. ગીરમાં બારેમાસ વહેતી સાત નદીઓ, હિરણ, સરસ્વતી, દાતરડી, શિંગોડા, મછૂંદ્રી, ઘોડાવાળી તથા રાવલ સ્રાક્ષેત્ર રચે છે. શંત્રુજી નદી અભયારણ્યની બહાર ભાગમાં વહે છે. બારેમાસ નદીઓમાં પાણી જોવા મળે છે. ગીરપ્રદેશમાં ૪૦૦થી વધુ વનસ્પતિઓની પ્રજાતિ નોંધાયેલી છે. સાગના અત્યંત સૂકા જંગલમાં સમાવેશ પામે છે. અહીં સૂકાં ઘાસવાળા પણ વૃક્ષો વિનાના જંગલો જોવા મળે છે. ગીર જતાં જંગલમાં ઝાડી-ઝાંખરા, જડીબુટ્ટી, વેલાઓ અને ઘાસ પણ જોવા મળે છે.

ગીર દુનિયાભરમાં એશિયન સિંહના અંતિમ નિવાસ તરીકે જાણીતું છે. સાસણ સ્થિત વનવિભાગ કચેરી દ્વારા મળેલી માહિતી પ્રમાણે હાલમાં ૪૧૧થી વધુ સિંહો ગીરમાં વિચરણ કરે છે. અહીં વન વિભાગ દ્વારા પ્રાણીઓનો બચાવ તથા સંભાળ માટે સાસણ, જસધર, મહુવામાં પ્રાણીરોગોના નિષ્ણાત ઓફિસર તથા મેડિકલ ટીમ સહિતની દેખરેખ હેઠળની ત્રણ સુસજ્જ હોસ્પિટલનો સમાવેશ થાય છે. ગુજરાત વન વિભાગના સતત પ્રયત્નોને પરિણામે ગીરમાં વન્ય પ્રાણીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. ગીરપ્રદેશમાં સિંહોની વચ્ચે માલધારીઓ અભિન્ન અંગ છે. નેસ તરીકે ઓળખાતી નાનકડી વસાહતમાં તેઓ ત્યાં પેઢીઓથી વસવાટ કરતા આવ્યા છે.

સાસણ ગામે પ્રવાસીઓને સિંહદર્શન માટે વનવિભાગ પાસે પ્રથમ પરમીટ માટેની કાર્યવાહી કરવી પડે છે. એક દિવસમાં વધુમાં વધુ ૧૫૦ પ્રવાસીઓને પરમીટ આપવામાં આવે છે. સિંહદર્શન માટે આઠ રૂટ રાખવામાં આવ્યા છે. ગીરમાં જંગલમાં સિંહદર્શન માટે એક પરમીટના શનિ-રવિ સિવાય-૪૦૦ રૂપિયા જેમાં તમે એક વ્યક્તિને ૪૦૦ રૂપિયા અને છ વ્યક્તિના પણ ૪૦૦ની ફી વસૂલ કરવામાં આવે છે. શનિ-રવિમાં ૫૦૦ની ફી ચૂકવવાની રહે છે. પરમીટ મળ્યા પછી સવારે ૬ વાગ્યે, સવારે ૯.૩૦ વાગ્યે અને બપોરે ત્રણ વાગ્યે સિંહદર્શન કરી શકાય છે. અહીં વનવિભાગ દ્વારા સાસણ ગામના રહેવાસીઓની મારુતિ જિપ્સી ગાડીનું ભાડું એક ફેરાના રૂા. ૧૦૦૦ લેવામાં આવે છે. પ્રવાસી સાથે રહેલા ગાઈડને રૂા. ૧૫૦ ચૂકવવાના રહે છે. આમ તમને દોઢ કલાકના ગીર સિંહદર્શનના રૂા. શનિ-રવિ સિવાય ૧૫૫૦ અને શનિ-રવિ રૂા. ૧૬૫૦ ચૂકવવાના રહે છે. આ ઉપરાંત વનવિભાગ દ્વારા સૂચના જાહેર કરાઈ છે ગીરના પ્રવાસમાં તમને સિંહદર્શનનો દ્રશ્ય જોવા ન પણ મળે, પણ તમે ઘણા દૂરથી સાસણની મુલાકાતે આવ્યા હો અને આપ નિરાશ ન થાવ એટલા માટે વનવિભાગ દ્વારા સસ્તી અને ચોક્કસ સિંહ નિહાળવાનું તમારું સ્વપ્ન પૂરું થાય તે માટે સાસણથી માત્ર ૧૫ કિલોમીટરના અંતરે દેવળિયા (ગીર ઈન્ટરપ્રિટેશન ઝોન) પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે.

હાલમાં ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં ખલેલનું પ્રમાણ ઘટાડવા અને પ્રવાસીઓને ગીર તેમજ વન્યજીવન વિશે વધુ માહિતગાર કરવા માટે દેવળિયામાં એક ઈન્ટરપ્રિટેશન ઝોન બનાવવામાં આવ્યો છે. આમાં ૪૧૨ હેકટરનો બંધિત સિંહ વિસ્તાર છે જે ટૂંકાણમાં ગીર છે. જેમાં ગીરના તમામ પ્રકારના રહેણાક તેમજ વન્યજીવનનો સમાવેશ થાય છે. એમાં માસાંહારી પશુઓ માટે ખોરાક તેમજ આવાસનું પાંજરું અને બે દરવાજા ધરાવતું પ્રવેશસ્થળ છે. આ સુવિધા ઊભી કરવાનો મૂળભૂત આશય સિંહ અને અન્ય જંગલી પશુઓને તેમના પ્રાકૃતિક વાતાવરણમાં બહુ ટૂંકા સમયમાં નિહાળી શકાય અને આ રીતે ગીરમાં પ્રવાસીઓનો ધસારો ખાળવાનો છે. અહીં પ્રવાસીઓને મોટી સંખ્યામાં અન્ય સસ્તન પ્રાણીઓ સરિસૃપો, ટપકાંવાળા હરણ, નીલગાય, જંગલી ડુક્કર, કાળા શિંગડાવાળા હરણો, ચિંકારા અને સાંભર જોવા મળે છે. અહીં વિવિધ પક્ષીઓ, ગીધ પણ જોવા મળે છે. આ પ્રવાસ પોણો કલાકનો હોય છે અને વનવિભાગ બસમાં બેસાડીને રૂા. ૭૫ એક પ્રવાસી પાસેથી ફી વસૂલ કરે છે.

છેલ્લે સાસણથી સતાધાર ૨૫ કિલોમીટરના અંતરે છે. ગીરના જંગલમાં કનકાઈ માતાજીનું મંદિર ઉપરાંત ભગવાન રામે વનવાસ દરમ્યાન સીતામાતાને સ્નાન માટે પાણીની જરૂરિયાત માટે બાણ દ્વારા ગંગા પાણી ઉત્પન્ન કર્યું હતું તે બાણગંગાનું સ્થાન આવેલું છે.

વનવિભાગ દ્વારા પ્રવાસીઓ માટે બેસવા-રહેવા, જમવા માટે ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવે છે. અન્ય હોટલો, રિસોર્ટ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. પરમીટ માટે લાઈનમાં ન ઊભવું હોય તો પંદર દિવસ પહેલાં પણ બુકિંગ વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લે અમિતાભ બચ્ચનની જાહેર ખબર બાદ આપણા કચ્છના સફેદ રણ જોવા આવતા પ્રવાસીઓ જેમ અહીં પણ મોટા પ્રમાણમાં મુલાકાતીઓ જોવા મળે છે. ચોમાસાની ઋતુ અને કાચા રસ્તાના કારણે મુલાકાતીઓ માટે સિંહદર્શન તા. ૧૫મી જૂનથી ૧૬ ઓક્ટોબર સુધી બંધ રાખવામાં આવે છે. ચારધામ, અમરનાથ, વૈષ્ણવ દેવી યાત્રા ચોમાસા દરમ્યાન વધારે વરસાદના કારણે બંધ રાખવામાં આવે છે. તેમ સાસણ ગીરની યાત્રા બંધ રખાય છે. ગીર સિંહદર્શન દરમ્યાન તમારી હિંમત હોય તો તમે તમારું પોતાનું પેટ્રોલ ફોર વ્હીલર વાહન લઈ શકો છો. દેવળિયા પાર્ક બુધવારે બંધ રાખવામાં આવે છે. બંધ સિવાય દરરોજ સવારે ૮થી ૧૧ અને બપોરે ૩થી ૫ વાગ્યા સુધી સિંહદર્શનનો રોમાંચ માણી શકો છો.

સ્પોટલાઈટ

ભારતના એક વખતના નાયબ વડાપ્રધાન દેવીલાલનો પરિવાર એટલે હરિયાણાનું મોટું ખોરડું. દેવીલાલ નાયબ વડાપ્રધાનપદ સુધી પહોંચ્યા તો તેમના પુત્ર ઓમપ્રકાશ ચૌટાલા હરિયાણાના મુખ્યપ્રધાન બન્યા. તેમના પુત્ર અભય અને અજય પણ રાજકારણમાં ગળાડૂબ છે. દેશમાં ગાંધી પરિવાર પછી વંશવાદનું આ પરિવાર પણ ઉમદા ઉદાહરણ છે.

આપણે ત્યાં રાજકારણને અખાડો કહેવાય છે. એટલે આ અખાડામાં રચ્યાપચ્યા રહેતા રાજકારણીઓ રમતના મેદાનથી દૂર કેમ રહે ? ક્રિકેટમાં શરદ પવાર, રાજીવ શુકલા, એમ.કે. પી. સાલ્વે, માધવરાવ સિંધિયા, અરુણ જેટલી જેવાં નામોથી લોકો અજાણ્યા નથી. એ જ રીતે આ ચૌટાલા પરિવાર પણ રમતના મેદાનમાંય ઝૂકાવતો આવ્યો છે. પણ જ્યારે વિવાદ જાગે છે ત્યારે આવાં નામો લોકજીભે ચડે છે. અન્યથા માત્ર સત્તા મેળવવાની ભૂખ જ તેમનું કામ આસાન કરતી આવી છે.

અભયસિંહ ચૌટાલા એટલે પૂર્વ નાયબ વડાપ્રધાનના પૌત્ર અને પૂર્વ મુખ્યમંત્રીના પુત્ર. રાજ્યસભા અને લોકસભામાં ચૂંટાતા રહેવા અભયસિંહ એમ.એ. એલએલ.બી. થયેલા છે. ૨૦૦૦થી ટેબલ ટેનિસ ફેડરેશનના અધ્યક્ષ બની રહેલા આ રાજકારણીએ ઈન્ડિયન ઓલિમ્પિક સંઘની ચૂંટણી જીતી અધ્યક્ષ બની ગયા. આ પદ પર સુરેશ કલમાડીએ વર્ષો સુધી એકચક્રી શાસન જમાવ્યું હતું. એટલું જ નહીં તેના કાકા રણવીરસિંહ મહેન્દ્ર પણ ભારતીય ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ એક વર્ષ માટે રહી ચૂકયા છે.

એસોસીએશનના અધ્યક્ષ તરીકે ૧૫ વર્ષ એકચક્રી શાસન ચલાવ્યું. કોમનવેલ્થ ગોટાળાને પગલે એ પદ છોડવું પડયું એટલું જ નહીં એથ્લેટિક ફેડરેશન ઓફ ઈન્ડિયાના બોસ તરીકે ૨૧ વર્ષ રહ્યા બાદ તાજેતરમાં તેમને રાજીનામું આપવા ફરજ પડી. દેશમાં આઈઓએ હસ્તકના ૩૫ રાષ્ટ્રીય સ્પોર્ટસ ફેડરેશન પૈકી દસ રાજકારણીઓના હાથમાં છે. ભાજપાના પીઢ નેતા અને દિલ્હી ધારાસભ્ય વિજયકુમાર મલ્હોત્રા ૪૦ વર્ષથી આર્ચરી એસોસીએશન ઓફ ઈન્ડિયાનું પ્રમુખપદ સંભાળી બેઠા છે. પ્રિયરંજન દાસમુન્શીએ ભારતીય ફૂટબોલ એસો.નો વહીવટ ૧૯૮૬થી ૨૦૦૮ સુધી ચલાવ્યો હતો. ગુજરાતની વાત કરી એ તો ગુજરાત ક્રિકેટ એસોસીએશનનું પ્રમુખપદ નરેન્દ્ર મોદીએ ધારણ કર્યું છે અને ઉપપ્રમુખપદે અમિત શાહ છે. તાજેતરમાં ભાજપમાં જોડાયેલા નરહરિ અમીન હવે ફરી પાછા ગુજરાત ક્રિકેટ એસો.માં ગોઠવાઈ જાય તો નવાઈ નહીં. ગુજરાત ટેબલ ટેનિસ એસોસીએશનનું અધ્યક્ષપદ બે મુદ્દતથી પ્રવાસન નિગમના એમ.ડી. વિપુલ મિત્રા સંભાળી રહ્યા છે અને તેમના કાર્યકાળમાં ગુજરાતના ટેબલ ટેનિસ ખેલાડીઓએ રાષ્ટ્રીયસ્તરે નામ કાઢયું છે. અમદાવાદની વાત નીકળી છે તો પંજાબના પૂર્વ પોલીસવડા કે.પી.એસ. ગિલે ભારતીય હોકી સંઘનો વહીવટ હસ્તગત કર્યો હતો. પરંતુ તેમના નિર્ણયોને લઈને ભારતીય હોકીની વધુ પડતી જ જોવા મળી હતી. ઓમપ્રકાશના બન્ને પુત્રો સ્પોર્ટસ સંસ્થાઓમાં છે. અજયસિંહ ચૌટાલા ટેબલ ટેનિસ ફેડરેશનના બોસ છે. અભય ચૌટાલા ભારતીય ઓલિમ્પિક સંઘના અધ્યક્ષ બન્યા અને સસ્પેન્શન આવી પડયું. એવું જ બોક્સિંગમાં થયું. તેમણે ભારતીય એમેચ્યોર બોક્સિંગ મહાસંઘના અધ્યક્ષ નિયુક્ત થયા અને ચૂંટણીપ્રક્રિયામાં ગરબડના મુદ્દે આંતરરાષ્ટ્રીય બોક્સિંગ ફેડરેશને ભારતીય સંઘને સસ્પેન્ડ કરી દીધો છે. રમતમાં રાજકારણ રમનારા પોલીટીશિયનોમાં કીર્તિ ચિદમ્બરમનું નામ સાંભળ્યું છે ? વાચકોને કદાચ જાણ નહીં હોય, આપણા નાણામંત્રી પી.સી. ચિદમ્બરમના આ સુપુત્ર ઓલ ઈન્ડિયા ટેનિપિન બોલિંગ ફેડરેશનના પ્રમુખ અને ઓલ ઈન્ડિયા કરાટે-જૂડો ફેડરેશનના ચીફ પેટ્રન છે. કીર્તિ ચિદમ્બરમ કેમ્બ્રિજનો કાયદાનો સ્નાતક છે. ટેકસાસ યુનિ.માં એમબીએ કર્યું છે. કીર્તિ તામિલનાડુ ટેનિસ એસો.ના આઠ વર્ષથી ઉપપ્રમુખ છે.

ટૂંકમાં રમતના વહીવટમાં મળતા કીર્તિ અને કલદારનો લાભ ખાટવાની રાજકારણીઓની આદત થઈ ગઈ છે.

ભારત સરકાર અને પૂર્વ ખેલાડીઓએ સક્રિય બની આ કોયડાનો કાયમી હલ શોધવાની જરૂર છે. વગદાર રાજકારણીઓને લીધે ઘણીવાર રમતને ફાયદો થતો હોય છે. સ્પોર્ટસનો વિકાસ થતો હોય છે પરંતુ મુશ્કેલી ત્યાં થાય છે કે એક વખત પદ સંભાળ્યા પછી એનો મોહ છૂટતો નથી અને હિસાબ-કિતાબ કે નીતિ-નિયમોમાં પારદર્શિતા જળવાતી નથી.

નારી સંવેદન

કાળો પથ્થર પડ્યો રહેતો- પડી રહતો. અમરત એ કાળમીંઢ ટૂકડાને જોયા કરતી. ક્યારેક પોતાના પેટ પર હાથ ફેરવતી. સુંવાળું નદીના પટ જેવું પેટ. પણ હવે આંસુ વહેતા નથી. એ સમય તો ક્યારનોય ચાલ્યો ગયો છે.

ભાઈનો એકનો એક દીકરો, એનાય ત્રણ દીકરા, બધાય શે'રમાં ભણે. ભાઈ હતા ત્યારે મકાન પર દેશી નળીયાં હતાં. બળદની જોડ હતી. સાગરપેટી ભાભી હતી. ભાઈનો દીકરો-વહુ જુવાન હતા. છોકરાઓ અમરતની આસપાસ રમતા, ખોળો ખૂંદતા. ક્યારેક ભાઈ ખાટલા પર બેસીને બીડી પીતા, એનો ધુમાડો, તમાકુની ગંધ અમરતના ફેફસાંમાં જતી. એ ગંધ સાથેય કેટલાક સ્મરણો હતા. ભાઈનો દીકરો પડીકી ખાય છે, વાત કરતાં કરતાં થૂંકવા ઊઠે, ક્યારેક એની વહુ પણ ચપટીક મોંમા મૂકે. પછી પગમાં પહેરેલી ભારેખમ ઝેરની ઘૂઘરી આખાય વાડામાં ઘમઘમ થાય. હવે એ ઘૂઘરીનો ઘમ ઘમ અવાજ ડરામણો લાગે છે. જાણે એ હવે ઓળખતી જ નથી. ભાઈના દીકરાની વહુ પરણીને આવી ત્યારે ફઈબા, ફઈબા કહેતી પડખે બેસતી. ઝીણું ઝીણું પૂછતી, ચા બનાવી દેતી. તે વખતે પાતળી સોય જેવી હતી. હવે કપડામાં સમાતી નથી. ભાઈનો દીકરો એની સામે સાવ ઝીણકો લાગે. હવે ફઈબા શબ્દ સંભળાતો નથી. ઊલ્ટાનું ક્યારેક કોઈ સ્ત્રી સપનામાંય સાંભળવા ન ઈચ્છે તે અણિયાળો શબ્દ એના મોઢામાંથી નીકળી જાય છે. દિવસો સુધી ભૂખમરી જાય છે એ શબ્દ સાંભળીને. એમ થાય કે મોટો છરો લઈને પેટ ચીરી નાખું. જોઉં તો ખરી કે ભગવાન શું મુકવાનું ભૂલી ગયો છે. પણ અમરત કશું કરતી નથી.

એ પ્રાર્થના કરે છે. ઈશ્વરને. આંખોના દીવા ઓલવાય તે પહેલાં તેડાવી લે. હવે આ વાડામાં ઊભેલું મકાન ઘર નથી. એક જેલ જેવું બનતું જાય છે. બધું, જ્યાં આટલામાં જ શ્વાસ લેવાના, આટલામાં જ ફરવાનું, આટલું જ જોવાનું, બહારની દુનિયા બંધ. અમરત જ્યારે સાંભળે કે ફલાણાને ત્યાં છોકરું આવ્યું છે, અમરત મનોમન રાજી થાય છે. એના હાથ આપોઆપ ઊંચા થઈ જાય છે. એ ભગવાન સામે નાકલીટી તાણીને કહે છે, હે ભગવાન મને જે દુઃખ આપ્યું તે બીજી કોઈ છોકરીને ન આપતો, કોઈ સ્ત્રીની કૂખ કોરી ન રાખજે.

પાંચમા પાનાથી

દરિયાની વાટે વાટે

જ માંડવી જાઉં છું.) ઘણી કોશિશ કર્યા પછી એકાએક મારા હાથમાંથી છટકાવીને નીકળી ગયો. જાણે જમીન પર ચાલતો હોય તે અદાથી દરિયે ચાલવા લાગ્યો. તે ક્યાં જાણતો હતો કે આ તો પાણી છે, નહીં કે જમીન ! ચાલવાની સાથે જ પડ્યો પાણીમાં. સહસા તેનું અજાગૃત મન જાગ્યું. હાથ-પગ હલાવવા માંડયો. સાચું કહું તો જ્યારે તે દૂર નીકળી ગયો ત્યારે અમારા કોઈનામાં પણ શક્તિ ન હતી. દરિયામાં ગયો તે ગયો. તે પછી દેખાયો જ નહિ ! આદમને પકડીને અહીં સુધી લઇ આવે તેવી કોઇ વ્યક્તિ ન હતી. હા, સિધિકકાકા હતા પણ તેઓએ પોતાના મગજ પરનો કાબૂ ગૂમાવી દીધો હતો. તે તરાપાને છોડવા લાગી ગયા. મેં પૂછ્યું : 'આ શું કરે છે. આપણે બધાં મરી જઈશું.' તેઓ કહે : 'હું છોકરાને લઇ આવું .' ઘણું સમજાવ્યા પછી શાંત થઇ બેસી ગયા. થોડીવાર પછી ઓચિંતા ઊભા થઇ આઉં અચાંતો...(હું આવું છું...) કહી દરિયામાં કૂદી પડયો. કાકા સિધિક હાજી પલીજા દૂર-દૂર જવા લાગ્યો. કાકા અમારી આંખોથી ઓઝલ બની ગયો. વિચારો આવવા લાગ્યા -વાહ ! કુદરત શું તારી લીલા છે ? અમારી બંદગીમાં ક્યાં ચૂક રહી ગઇ હતી કે તૂં અમને આવડી મોટી સજા કરી રહ્યો છે ? તમામે તમામની આંખોમાં દડદડ આંસુઓ દડી રહ્યાં હતાં. આદમ ગયો અને સિધિક પણ ગયો. યા અલ્લા ! તૂં અમને આમ ને આમ એક એક કરીને મોતને ઘાટે પહોંચાડીશ કે શું ? સુલેમાન, આદમ અને સિધિક એમ ત્રણ ખલાસીઓને હમણાં સુધી અમે ખોઇ બેઠા હતા. એક જ અરમાન બરકરાર હતા, અગર કોઇ જોઇ જાય તો બચી જઇએ. એ મંછાથી તરાપા ઉપર બેઠા હતા. ક્યાંકથી કંઇક આવે એવું આખો દિવસ દરિયા પર નજર કરતા રહ્યા. સવારે દશ-સાડા દશે બરાબરનો તડકો નીકળે. તડકો જોઇ દરિયામાં ઠેંકી પડીએ. માણસો ભેળા મળી તરાપાને સરખો ટાઇટ બાંધી લઇએ. પછી આખો દિવસ ચાલે. વળી, સાંજવેળાએ ભયનો ઓછાયો મન ઉપર સવાર થઇ જાય. વારંવાર તરાપાને બાંધીને જીવાડી લેતા હતા. અમારે જીવવાનું હતું એ તથ્યે તરાપાને જીવતો રાખવો જરૂરી હતો. ચાર દિવસ દરિયામાં તરાપા પર કાઢયા. રબને મારવું ન હતું એટલે દૂરથી શીપ આવતી દેખાઇ. તરાપો પૂરો બાંધી લીધા પછી શીપ તરફ નજર કરી તો તે ગાયબ ! ખુદાની રહેમ કહો કે કસોટી, અગર શીપને દેખીએ નહિ અને પરાપો બાંધીએ નહિ તો ત્યાં જ હિંમત હારીને મરી જાત. ભગવાન હિંમત આપવા માટે આવા કિસ્સાઓ નિર્માણ કરતો. આફતના સમયે દુનિયાનો કોઇ પણ વહાણવટી શ્રધ્ધા યા અંધશ્રધ્ધા કહો કે ભ્રમણાં ધરાવતો હોય છે. આવા ઘણાં કિસ્સાઓ ભૂતકાળ અને વર્તમાનમાં પણ બનતા હોય છે. ડૂબતી કશ્તી વખતે કોઇ મદદ ન મળે, દિવસોના દિવસો દરિયામાં કાઢવાના થાય એ વખતે બધું જ યાદ આવતું હોય છે. તેમાંય વહાણ, વિમાન અથવા સ્ટીમર પહેલાં યાદ આવે. જુઓ...જુઓ...પેલી શીપ આવે છે, આપણી પાસે ત્યાંથી વહાણ આવતું દેખાય છે; તે ચોક્કસ આપણને ઉપાડી લેશે. અને પછી...વાસ્તવિકતા છતી થાય. દેખાતી મદદ એકાએક ગાયબ બની જાય ! ખરેખર સાગરપુત્રોને મૃત્યુનું પહોળું મુખ સામે દેખાય ત્યારે આવા અરમાનો જાગે એ સ્વાભાવિક છે. એક દિવસ એવું બન્યું. ધોળા દિવસે, નહીં કે રાત્રિએ ! બધા જુએ એ રીતે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં એક જબરી સ્ટીમર અમારી ઉપર ચાલી આવે. તેને જોઇ રાજીના રેડ થઇ ગયા. તે પડખામાંથી આવી રહી છે. તે જોશે અને આપણને સૌને ઉપાડી લેશે. મોટી આશા બંધાઇ. આખો દિવસ એ આશાએ નીકળી ગયો. રાત આવીને પાછી હિંમત મરી પરવાઇ. ભારત તરફ આવતા દરેક વહાણનો રસ્તો આ જ હતો. છાલ ! કોઇ દેખી જાય. ઉફ ! આશા વાંઝણી બની. કોઇ પણ હિસાબે બચીશું નહિ, જેની હયાતી પૂરી થતી આવશે તે મરતો જશે એવો ચોક્કસ ખ્યાલ આવી ગયો હતો. અધૂરાંમાં પૂરું કર્યું આ પીપડાંઓએ. તેમાં પાણી ભરાવાં લાગ્યાં. તેના વજનના કારણે મૂકવાં પડે. હવે કઇ રીતે બચી શકાય તેમ છે ? (ક્રમશઃ)

ત્રીજા પાનાથી

પર્યાવરણ

માલધારી પરંપરાને ચૂસ્ત રીતે જાળવી રહયા છે તેઓના કહેવા પ્રમાણે માલધારીઓ પોતાના પશુઓના નાના બચ્ચાઓ, બિમાર ઉપરાંત તાજા વિયાયેલ પશુઓ માટે પોતાના ઘરની આસપાસ કે ગામની નજીક નાના વિસ્તારને કાચીવાડથી સુરક્ષિત કરીને કુદરતી રીતે થતા ઘાસ દ્વારા જરૂરીયાત પુરી કરવા જુના જમાનાથી આ પ્રકારની વ્યવસ્થા ઉભી કરેલી હતી. પરંતુ વિપરીત બદલાવની શરૂઆત ત્યારથી થઇ કે જયારથી કેટલાક માલધારીઓ દ્વારા ઉનાળામાં કે દુષ્કાળના સમયમાં પશુઓ માટે ઘાસની જરૂરીયાતને પહોચી વળવા કુદરતી રીતે થતા ઘાસને બદલે જુવાર વાવવાની નવી પ્રથા ચાલુ કરી. જુવારનું ઉત્પાદન બન્નીની કુદરતી ઉત્પાદન ક્ષમતા માટે શોષણ કરનાર સાબિત થઇ રહયુ છે. પરંતુ આ વ્યવસ્થા ધીમે ધીમે વધારે આવક મેળવવાની લાલચમાં પરિણમીને ગુવાર, એરંડા, રાયડોની ખેતી દ્વારા રોકડીયા પાકોમાં પરિવર્તીત થઇ છે. શરૂઆતમાં એકલ દોકલ માલધારીઓ દ્વારા શરૂ થયેલ વાડાપધ્ધતિ હવે મોટી સંખ્યામાં થવા લાગી છે જે બન્નીની સામૂહિક્ત અને કુદરતી ઉત્પાદન ક્ષમતા માટે જોખમ કારક છે.

માલધારીઓના કહેવા મુજબ વરસ-૨૦૦૮ માં બન્નીમાં કચ્છના તત્કાલિન કલેકટર દ્વારા ગ્રામ પંચાયતના સરપંચો અને તલાટીઓની એક મીટીંગ યોજાયેલ અને આ મીટીંગમાં બન્નીની બધી જ ગ્રામ પંચાયતોમાંથી ગામની કુંટુંબ સંખ્યા, પશુ સંખ્યા વિગેરે માહિતી તૈયાર કરવામાં આવી હતી. જેનાથી કેટલાક લોકોની એવી પણ સમજ બની કે સરકાર દ્વારા માલધારી કુંટુંબોને કુંટુંબ દિઠ જમીન ફાળવવામાં આવશે, ઉપરાંત કેટલાક લોકોની સમજ એવી બની કે જેની પાસે જેટલી જમીન વાડાઓ દ્વારા કબ્જો કરેલ હશે એ જમીન તેમને ફાળવવામાં આવશે.. કેટલાક માલધારીઓ એવુ પણ જણાવે છે કે બન્નીમાં વન વિભાગ દ્વારા વાડાઓ બનાવવામાં આવી રહયા છે જેથી એ જમીન પર અમારા પશુઓ ચરાવવાનો અધિકાર ગુમાવી દઇશુ એ બિકે તેમણે પોતે પણ પોતાનો હકક જમાવવા વાડાઓ બનાવ્યા છે, વળી માલધારીઓનુ એક જુથ એ રીતે પણ માને છે કે જેવી રીતે મહેસૂલી વિસ્તારમાં લોકોને ખેતીની જમીન મળવાથી જેવા ફાયદાઓ મળે છે તેવા ફાયદાઓ અમને પણ મળે તવી માગણી સાથે વાડાઓ બનાવવાનુ ચાલુ કર્યુ છે. આ રીતે બન્નીમાં વ્યક્તિગત વાડાઓ બનાવવાની જાણે હરીફાઇ શરૂ થઇ છે અને સામુહિક ઉપયોગમાં લેવાતી બન્ની ઘાસિયા ભૂમિમાં વાડાઓ બનાવવાની પ્રકિયાથી સામૂહિક ભૂમિ હવે નાના ટુકડાઓમાં વિભાજીત થઇ રહી છે. ગુગલ અર્થની ટેકનોલોજી આ ગંભીર પરિદ્રશ્યની સહજ રીતેજ વાસ્તવીકતા છતી કરે છે. ગુગલ અર્થની વેબસાઇટમાં બન્નીની સેટેલાઇટ તસ્વીર જોતા બન્નીમાં અગતિણ ટુકડાઓ દ્રશ્યમાન થાય છે. જે સ્વભાવિક રીતે દર્શાવે છે કે આશરે ૨૫૦૦ ચો.કી.મી.નો એક સામુહિક કુદરતી વિસ્તાર હવે સૈકડો નાના ટુકડાઓમાં વિભાજીત થઇ રહયો છે. (ક્રમશઃ)

છેલ્લા પાનાથી

મારગ

પાંદડીવાળા હૃદય કમળ પાસે જ્યારે પવન પહોંચે છે ત્યારે માણસને એક નોખા કેડાની વાતું સૂઝવા લાગે છે, કોઈક બીજા પ્રકારની હણહણાટી સંભળાવવા લાગે છે. તેવે સમયે એને લીલા નેજાધારીનાં એંધાણ વરતાવા લાગતાં હોય છે.

'વાગે ભડાકા ભારી/ભજનના વાગે ભડાકા ભારી રે.. હોજી/બાર બીજના ધણીને સમરું/નકળંક નેજાધારી..ભજનના..'

ધ્રુવ રાજાને અવિચળ સ્થાપ્યો/પ્રહ્‌લાદ ઉગાર્યો પડકારી રે.. હોજી/સંધ્યા ટાણે વાલે દૈત્ય સહાર્યો/હરિએ નહોર વધારી.. ભજનના..'

તોળાંદેનું સત રાખવા/માળી બન્યા' તા મુરારિ રે-હોજી/સુધન્વાના નામ પ્રતાપે/ઉકળતી કડાને ઠારી.. ભજનના..

પલ પલ પીર રામદેને સમરું/એ છે અલખ અવતારી રે. હોજી/હરિ ચરણે ભાટી હરજી બોલ્યા/ધણી ધાર્યો નેજાધારી.. ભજનના..

આ ભજનમાં પણ અન્ય ભજનોની જેમ પાઠફેર જોવા મળે છે. કયાંક બીજા અંતરામાં 'સુધન્વાને બળતો ઠાર્યો/કડકડતાં તેલ જ ઠારી' એવું સાંભળવા મળે છે. વધારાનો એક આવો અંતરો પણ કયાંક વાચીને ડાયરીમાં નોંધેલો છે. 'સતી રૂપાંદેનું સત રાખવા/માળી બન્યા છે મુરારિ/માલે રૂપાંદેના હેણાં હેર્યાં/આરાધે મોજડી ઉતારી/ભજનના વાગે ભડાકા ભારી..'

મારગી બાવો કહે છે, 'સાવળમાં વાયક પણ આવે. જેમ કે, અંબ ધરા ઔર સાયર ગહેકે/વ્રેમંડમેં રણુંકારા રે હોજી/નર્તન નાદે પવન દીએ ભાઈ/તમે સુણો વાયક સુણનારા રે/કોઈ પથદર્શક ગાવે પ્યારા રે'. સાહિત્યના વિવિધ કેડાઓના જાણકારો પણ ઘણીવાર ભજનની આ ભાષા ઉકેલવામાં થાપ ખાઈ જતા હોય છે. સાવળમાં રામાપીરના પરચાની વાતો પણ જોવા મળે છે. ઉ.ત. જ્ઞાનીદાસનું આ ભજન : 'અલખધણી તમે પાટે પધારો/સેવા બંદગી કરું રે તમારી/ભવસાગરમાંથી બૂડતાં તારો/પીર પકડોને હવે બાંહ મારી..

ધોળે ઘોડે ધરણીધર ચડિયા/વનમાં વાણિયાની વહાર કરી/માર્યો ચોર ને માલ પાછો વાળ્યો/મૂએલ વાણિયો સજીવન કરીને..

બેની આવી જ્યારે વીરના વિવાહે/ભેળા રે નાનાં નાનાં બાળ/મૂવેલ ભાણેજાને સજીવન કીધો/સરગેથી લીધો એને બોલાવી'

આવા જ સાવળ પ્રકારના બીજા એક ભજનના શબ્દો આ મુજબ છે :

અખંડ જ્યોતિ અવિનાશીને/વ્યાપક જાઉં વારી/રામ, તોરી પલપલ બલિહારી પીરને/નેજાવાળાને વ્યાપક જાઉં વારી/મધદરિયામાં પોકારે વાણિયો/લીલે કરો અસવારી રામ/ચોપાટ રમતાં ભુજા વધારી/વાણિયાની જાજ તારી..

બેની આવી જ્યારે વીરના વિવાહે/બેની સગુણાદે કરે સામૈયા/એના રુદિયે શોક ભારી/કુંવર ગગુભાને સજીવન કીધો/હિંદવે હાક મારી..

આ ભજન છે સવા બાપાનું. સવારામ ભગત પીપળીના. એમના વિશે 'મારગ'માં ઘણીવાર ઉલ્લેખ થયો છે, વાચકોને યાદ હશે.

હાક ભલે સંભળાય, હણહણાટી પણ છો સંભળાય પણ કાશ ! એ હાક લીલવા નેજાધારીની હોય ને ઈ હણહણાટી લીલવા ઘોડાની હોય. ભજનના ભડાકા જો ભીતર ઉતરતા કે ઊઠતા રહે તો પછી સંભળાતી હણહણાટી લીલવા ઘોડાની જ હશે, કામરૂપી અશ્વ નજીક પણ નહીં ફરકી શકે માટે લીલવાની જય હો !

રંગેરમત

શકયો છે. તેણે ૫ ટેસ્ટમાં ૨૧ વિકેટ લીધી છે. જો કે પીયૂષ ચાવલાની પસંદગી ખૂંચે એવી છે. લેગસ્પિનરને સમાવવાની જરૂરિયાતને ધ્યાનમાં લઈ તેની પસંદગી થઈ પણ એવું અત્યારે જણાય છે. ઉપરાંત તેણે રણજીમાં ચમકારો બતાવ્યો નથી.

આવતીકાલથી નાગપુરમાં અંતિમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. અંગ્રેજો આમેય આગળ છે. કેપ્ટન કુકે ઇડનનું પુનરાવર્તન કરવાનો હુંકાર ભણ્યો છે. ઈંગ્લેન્ડને કશુંય ગુમાવવાનું નથી. ભારતે શ્રેણી સરભર કરવા એડીચોટીનું જોર લગાવવું પડશે. ભારત ૩૫ વર્ષ બાદ સતત બે ટેસ્ટ ઘરઆંગણે હાર્યું છે. ઈંગ્લેન્ડ છેલ્લે ૧૯૭૬-૭૭માં ભારતની ધરતી ઉપર સતત ત્રણ ટેસ્ટ જીત્યું હતું. કુકનો ઈરાદો ૩૫ વર્ષ પાછળ જવાનો છે. ત્યારે સચિન, ધોની, સેહવાગ સહિતના બેટધરોએ રમવું જ પડશે. અત્યાર સુધી સતત 'બદલાની શ્રેણી' તરીકેનું રટણ ધોની કંપનીએ ચાલુ રાખ્યું હતું પણ હવે બદલો ખરો પણ 'ટીમ ઈન્ડિયા બદલો'નો ઝંડો ભારતના ક્રિકેટપ્રેમીઓ ઉપાડે તો નવાઈ નહીં.

દ્રષ્ટિકોણ

ચૂંટણીટાણે તેમણે સોદો પાર પાડ્યો... થોડા ટિકિટ લેવા આપ્યા અને થોડા ચૂંટણીખર્ચ માટે સાથે રાખ્યા, હવે એ જ પૈસા લઈને તેઓ ધંધે લાગ્યા છે.

વાતને મૂળમાંથી વહન કરીને ચોથી જાગીર સુધી પહોંચાડનારા કહે છે કે વિધાનસભાની એક બેઠક જીતવી હોય તો ઓછામાં ઓછા ૫૦થી ૬૦ કરોડ તો ખર્ચવા જ પડે. (ચૂંટણીપંચ, ઓબ્ઝર્વર, નીતિમત્તા, નૈતિકતા પ્રમાણિકતા, સંનિષ્ઠતા તમે બધા કયાં છો ?)

કચ્છમાં છ બેઠકનું સાવ સીધું-સાદું ગણિત મારો તો છ ઉમેદવાર જીતશે અર્થાત જો ૫૦ કરોડને પકડી લઈએ તો.. મોટા ગજાના.. મોટા રાજકીય પક્ષોના.. રાષ્ટ્રીય પક્ષોના.. મુખ્ય હરીફ પક્ષોના કુલ મળીને ૧૮ જણ સીધી લડાઈમાં છે તો બહુજન સમાજ પાર્ટી, લોકજન શક્તિ, સમાજવાદી પાર્ટી, રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા, એવા કચ્છ માટે નાના ગણાય તેવા પક્ષો અલગ.. માલદાર આ પક્ષો અલગ.. હવે માંડો ત્રિરાશિ. એકના ૫૦ કરોડ તો આ બધાના કેટલા ? ઓછામાં ઓછા એક હજાર કરોડનો ધંધો ચૂંટણીનાં નામે મંડાયો છે.

'સબા કો સન્મતિ દે ભગવાન... એ પ્રાર્થના સાથે આ ધંધે લાગેલાઓના ઈરાદા પૂર્ણ થાય તેવી શુભેચ્છા આપીએ અને સાથોસાથ ઈચ્છીએ કે કાયદેસરના ધંધામાં સફળ થાય.. પણ સેવાને ધંધો ન બનાવતા.. કોઈ ગરીબ રેશનકાર્ડ માટે, કોઈ વિધવા, ઘરથાળના પ્લોટ માટે કોઈ નાનો વેપારી દુકાનની જગ્યા કે ઓટલા કે લાગુની જમીન માટે, કોઈ પ્રમાણિક ઉદ્યોગપતિ વેપાર અર્થે આવે અને કોઈ દાદ ન આપે તો તમે એમની પડખે રે'જો. વગર ધંધે, નફાની ઈચ્છા વગર મદદ કરજો. કોઈની બદદુઆ, હાય ન લેતા પણ રાજી-રાજી થઈને લોકોના મતદારોના કામ કરજો, કચ્છમાં નર્મદાનું પાણી સિંચાઈ માટે પહોંચાડજો, પાઈપલાઈન વાટે આવતું પાણી ખુલ્લી નહેરમાંથી ચોરાય છે તે અટકાવજો, જ્યારે જ્યારે જરૂર પડે પ્રથમ કચ્છહિતને-'કચ્છધર્મ'ને કેન્દ્રમાં રાખજો અને કચ્છનું અહિત કરે તેનો સાથ ન દેજો.. આટલું કરો પછી જુઓ તમારા ધંધા કેટલા વિસ્તરે છે અને હા.. કોઈ નિર્દોષ, નબળાને 'ધંધે' ન લાગડતા પણ 'ગલે' લગાવજો..'